ભારતની સુવર્ણ પ્રીતિનો ચળકતો ઇતિહાસ: મૂલ્યમાં અનહદ વૃદ્ધિ

એક સંસ્કૃત વાક્યપ્રયોગ પ્રસિદ્ધ છે 'સર્વેગુણાઃ કાંચનમ્ આશ્રયન્તે.' અર્થાત્ સર્વગુણો સોનામાં રહેલા છે. અમુક લોકો તેનો શ્લેષમાં એ અર્થ કરે છે કે જેઓ પાસેથી સોનું (ધનિક) છે તેઓને લોકો ગુણવાન સમજે છે. એ વિષયમાં વધુ ઉંડે નહીં જઇએ તો પણ છેલ્લા થોડાં વરસોમાં સોનાએ લોકોને જેઓ પાસે હતું એ લોકોની ખૂબ ન્યાલ કરી દીધા છે.

ભારતના લોકોની સોના પ્રત્યેની પ્રીતિ હજારો વરસ જૂની છે. રામાયણ સોનાના મૃગની તેમ જ મહાભારતમાં સોનાના આભૂષણો, મુકુટ વગેરેના વારંવાર અસંખ્ય ઉલ્લેખો છે. કહેવાય છે કે સોનું સૌથી પ્રથમ ઇજિપ્તમાં જોવા મળ્યું હતું, પરંતુ આ લખનાવનું માનવું છે કે પ્રાચીન ઉલ્લેખો, લોકોની સોના પ્રત્યેની ચાહના વગેરે જોતાં મિશર (ઇજિપ્ત) અને ભારત બન્નેમાં એક જ કાળમાં સોનાનો આવિર્ભાવ થયો

દુનિયામાં સૌથી વધુ સોનું બીજા કોઇ દેશના લોકો પાસે નથી જેટલું ભારતના લોકો પાસે છે. પરંતુ ભારતમાં હવે કસદાર કહી શકાય એવી કોઇ સોનાની ખાણ બચી નથી. ભારત એક સમયે 'સોને કી ચિડીયા' ગણાતું હતું

હશે. ભારતના ઘરો અને મંદિરોમાં કુલ મળીને લગભગ 27,000 ટન સોનું પડ્યું છે. આ આંકડા મંડાયા ત્યારપછીનાં વરસોમાં મબલખ પ્રમાણમાં સોનાની આયાત થાય છે. ગ્રામીણ લોકો હજી કોઠાસુઝ વાપરીને સોનાની ખરીદી કરે છે. કેટલાક જિલ્લા અને તાલુકાનાં શહેરોમાં પણ સોનાના આલીશાન શો રૂમ્સ જોવા મળે છે. દક્ષિણ ભારતના એ મંદિરોમાં મબલખ સોનું પડ્યું છે જે યવનોના આક્રમણ સામે બચી ગયાં હતા. યવનો ભારતમાંથી પુષ્કળ માત્રામાં સોના અને હીરાનું ઝવેરાત લૂંટી ગયા તે પછી પણ ભારતના ઘરોમાં હાલમાં જે સ્ટોક છે તે દુનિયામાં સર્વાધિક છે.

ભારતની રિઝર્વ બેન્ક પાસે હાલમાં 854 ટન સોનાનો ભંડાર છે. તેમાં નરેન્દ્ર મોદી સરકારના ઉપક્રમ હેઠળ રિઝર્વ હમણાં ગયા વરસે જ વિદેશોમાંથી ખરીદયું છે. પાંત્રીસેક વરસ અગાઉ ભારતે સોનું ગિરવે મૂકવું પડ્યું હતું એવી આર્થિક બેહાલીમાં ભારત ફસાઈ પડયું હતું, પરંતુ હવે આપણે સોનું ખરીદનારા બની ગયા છીએ.

દુનિયામાં સૌથી વધુ સોનું બીજા કોઇ દેશના લોકો પાસે નથી જેટલું ભારતના લોકો પાસે છે. પરંતુ ભારતમાં હવે કસદાર કહી શકાય એવી કોઇ સોનાની ખાણ બચી નથી. ભારત એક સમયે 'સોને કી ચિડીયા' ગણાતું હતું. ભારતમાં નબળી પડી ગયેલી સોનાની ખાણો મુખ્યત્વે કર્ણાટકમાં છે. બેંગલોરથી લગભગ એકસો કિલોમિટર દૂર કોલારની ખાણનો ઇતિહાસ ખૂબ જુનો છે. બીજી હુતી ખાતે અને ત્રીજી ચિત્રદુર્ગ જિલ્લામાં કોલાર ગોલ્ડ ફીલ્ડની માલિકી કેન્દ્ર સરકારની ભારત ગોલ્ડ માઈન્સ લિમિટેડ (BEML) પાસે છે. આ લખાઈ રહ્યું છે ત્યારે અર્થાત્ 31 જાન્યુઆરીનાં રોજ સોનાની કિંમત 10 ગ્રામના લગભગ એક તોલો) 84,550 હતી. 2020ના 10 ગ્રામની કિંમત 39,000 હતી તે 5 વરસમાં બમણાથી વધુ થઇ ગઇ. આટલી ઊંચી કિંમતે પણ કોલાર ગોલ્ડ ફીલ્ડમાંથી સોનું પરવડે એટલી કિંમતે મળી શકે તેમ નથી. સેંકડો વરસ અગાઉ ત્યાં સપાટી પરથી સોનું મળતું હતું. 28 ફેબ્રુઆરી 2001ના રોજ KGF ઓપરેશન બંધ કરવામાં આવ્યું હતું.

કોલાર વિષે ઘણાં પુસ્તકો લખાયાં છે. ફ્રેડ ગૂડવીલે લખેલા ઇતિહાસ પ્રમાણે ઇસવીની બીજી સદીમાં, ગંગા વંશના રાજ્યકાળમાં કોલાર ખાણમાંથી સોનું મેળવવાનો પ્રારંભ થયો હતો. 1004માં ચૌલા વંશનું શાસન આવ્યું. 1117માં હોયસલા વંશના વિષ્ણુવર્ધને કોલારનો કબજો મેળવ્યો. 1336માં વિજયનનગરના રાજાઓ પાસે કોલારનો કબજો આવ્યો. 1336માં વિજયનગરના રાજાઓ પાસે કોલારનો કબજો આવ્યો. 1664 સુધી તે શાસન ચાલ્યું. 17મી સદીમાં મરાઠા રાજા શાહાજીએ એક જાગીર તરીકે કોલાર ક્ષેત્ર મેળવ્યું વચ્ચે 70 વરસ મુસ્લિમોનો કબજો રહ્યો. 1770 સુધી મરાઠાઓ અને મુસ્લિમો વચ્ચે કબજાની અદલા-બદલી થતી રહી. 1791માં અંગ્રેજ લોર્ડ કોર્નવોલિસે, કોલાર પર જીત મેળવી ખાણનો કબજો મેલવ્યો. 1880માં જ્હોન ટેઇલર નામના શ્રીમંત અંગ્રેજે KGF ખાણો ખરીદી લીધી અને 'મૈસર ગોલ્ડમાઈનિંગ કંપની' શરૂ કરી. અગાઉ ફ્રાનસની મદદથી ખોદકામ થતું હતું, પરંતુ 1902માં દેશમાં ભાગ્યે જ ક્યાંક વીજળી હતી ત્યાર કોલાર કાણ માટે અમેરિકાની જનરલ ઇલેકટ્રિક કંપની દ્વારા અહીં નજીકમાં જળવિદ્યુત પ્લાન્ટ નાખવામાં આવ્યો હતો. આંધ્રા, તમિલનાડુ, કર્ણાટકમાંથી હજારો મજૂરોને ખોદકામ માટે રોકવામાં આવ્યા હતા. અહીં અંગ્રેજોને રહેવા માટે ખાસ રહેઠાણો બંધાયાં હતા, જે નગરના રૂપમાં ફેરવાઈ ગયા. આજે પણ એનગરો રોબર્ટસન પેટ અને એન્ડરસન પેટ તરીકે

ઓળખાય છે. મદ્રાસમાં વેપાર ક્ષેત્રમાં અગ્રેસર ગણાતા આયંગર બ્રાહ્મણો (હેમામાલિનીની જાતવાળા) અહીં મોટા પ્રમાણમાં વસ્યા હતા. અંગ્રેજોના સ્થાનિક લોકો સાથેના સંબંધોને કારણે અહીં એંગ્લો-ઇન્ડિય અથવા મિશ્ર જાતિના લોકોની પણ મોટી આબાદી વિકસી હતી. આજે આ ખાણોને સત્તાવાર ભૌગોલિક ધરોહર અથવા હેરીટેજ જાહેર કરવામાં આવી છે.

કબીરા ખડા બજાર મેં

વિન્સી મરચન્ટ

આજ સુધીમાં કોલારની ખાણમાંથી 900 ટન જેટલું સોનું પ્રાપ્ત કરાયું છે. 1956માં ભારત સરકારે જ્હોન ટેઇલર પાસેથી ખાણનો કબ્જો મેળવી લીધો. ત્યારબાદ ભારતની ખાણોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું એક સમયે આ ખાણની 1 ટન માટીમાંથી 14 ગ્રામ સોનું મળતું હતું, જે ક્રમશઃ ઘટીને 4 ગ્રામની ઉપજ રહી ગયું. ખાણ જેમ જેમ ઊંડી જાય તે તેમ તેને ઓપરેટ કરવાના ખર્ચાઓ વધતાં જાય છે. કોલાર ખાણોની પાર્શ્વભૂમિમાં KGF-1, KGF-2 વગેરે ફિલ્મો બની છે. કર્ણાટકની હુટ્ટી ગોલ્ડમાઈન્સ લિમિટેડ અને કર્ણાટક સરકારની મનમોહન મિનરલ્સ નામની બે ખાણો અનુક્રમે હુટ્ટી તેમજ ચિત્ર દુર્ગમાં કામ કરેછે. તેઓ મળીને વરસે ત્રણેક ટન સોનુ પેદા કરે છે. હુટ્ટી પાસે 12 લાખ ટન જેટલો ગોલ્ડ ઓર અર્થાત સોનાયુકત માટીનો ભંડાર છે. તેમાં 60 વરસ સુધી કામ ચાલશે અને આશરે 150 ટન જેટલું સોનું પ્રાપ્ત થશે એવો ભુસ્તરશાસ્ત્રીઓનો અંદાજ છે. ત્યાં સોનાની સાથે રૂપું અર્થાત રજત પણ મળે છે.

ખોદકામ અને ઊંચાઈની રીતે કોલારની ખાણ એક સમયે દુનિયાની સૌથી મોટી હતી. તે ઓપન-પીટના રૂપમાં છે અને ભૂગર્ભમાં પણ છે. આજે દુનિયાની જે 10 મોટી ખાણો છે તેમાં ભારતની કોઈ ખાણનો સમાવેશ નથી. સૌથી મોટી અમેરિકામાં, બીજી ઉઝબેકિસ્તાનમાં, ત્રીજી ઇન્ડોનેશિયામાં ચોથી રશિયામાં પાંચમા ક્રમની અમેરિકામાં (ઓલિમ્પિયાડા), સાતમી કિબાલી, આફ્રિકામાં અને દસમા ક્રમની આફ્રિકાના માલીમાં છે. સોના હીરા તાંબા, કોલસા, યુરેનિયમ વગેરેના ભંડારો હોવા છતાં આફ્રિકાનો માલી હાલત ખૂબ કંગાળ છે. કારણ કે અહીંથી બધો ખજાનો વિદેશોમાં જતો રહે છે. ભારતની જનતા પાસે અમેરિકાની રિઝર્વ બેન્ક કરતાં પણ વધુ સોનું છે. ફેડરલ રિઝર્વ પાસે 8144 ટન સોનું છે. ભારતની જનતા પાસે હાલમાં જે સોનું છે તેની કિંમત લગભગ 165 લાખ કરોડ રૂપિયા થાય.

આજથી પાંચેક હજાર વરસ અગાઉ સોનાનાં ઉલ્લેખો ઇતિહાસમાં મળે છે. તે અગાઉ પણ લોકો સોનું વાપરતા હતા. ચલણી નાણાં તરીકે તેનો વપરાશ અઢી હજાર વરસ અગાઉ થયો. હતો, ગુજરાતીમાં કહેવત છે કે 'સાગ સીસમ અને સોનું જગમાં ન થાય જુનું' સોનું તો અનંતકાળ માટે ટકી રહે છે. ભારત, ઇજિપ્ત, મેસોપટેમીઆ, લિડિયા વગેરેમાં તેનો ચલણ તરીકે સિક્કાઓ તરીકે ઉપયોગ થતો હતો તેના પુરાવા મળે છે. અગાઉ ચાંચિયાઓ અને યુદ્ધખોરો સોનું લૂટવા માટે જ આક્રમણો કરતાં. જેમ કે સૌરાષ્ટ્રનું સોમનાથ મંદિર જો કે અલ્લાઉદ્દીન ખિલજીએ તેને લૂટ્યું ત્યારે ભારતમાં એનું શાસન હતું. સાગરોના તળિયે ડૂબી ગયેલાં અસંખ્ય પ્રાચીન દસ્તાવેજો મેળવી અમુક સાહસિકો આજની ટેક્નોલોજીના આધારે શોધ ચલાવે છે અને તેમાં તેઓ સફળ પણ થઇ રહ્યા છે. હજારો વરસના ઇતિહાસમાં સોનાએ તેની લોકપ્રિયતા, ચમક અને મૂલ્ય ગુમાવ્યા નથી, પણ આજે તેની કિંમત એટલે ઊંચી ગઈ છે કે સામાન્ય વર્ગ, અર્થાત મધ્યમ વર્ગ માટે તે ખરીદવાનું આસાન રહ્યું નથી. ભારતમાં હજી દોઢસો-બસ્સો વરસ અગાઉ સોનાના સિક્કાઓ ચાલતાં હતા. પોસ્ટઓફિસના ચલણમાં એક ખાનું સોનાના સિક્કા માટે રહેતું હતું અને દેશમાં માત્ર એલોય, તાંબા અને જસતના સિક્કા જ ચલણમાં હતા, અર્થાત્ વીસમી સદીના અંત સુધી, સોનાના સિક્કા કેટલા જમા કરાવ્યા તે જણાવવા માટેની જગ્યા પણ પોસ્ટ ઓફિસના ફોર્મમાં ચાલુ રાખી હતી. ત્યારે તો અંગ્રેજો જતાં રહ્યા તેને પણ 50 વરસ કરતાં વધુ સમય થઇ ગયો હતો. આવી છે. આપણી, નિર્ણય લઇ નહીં શકતી આળસુ બાબુશાહી.

દુનિયાની અનેક ખાણોમાં સોનાની નિપજ હવે પ્રોત્સાહક રહી નથી. થોડી ઊંડી સપાટી પરથી સોનું મળવાના દિવસો ગયા. જો કે પાકિસ્તાનના સત્તાવાળાઓએ પ્રજાનો સમક્ષ અગાઉ પેટ્રોલ-તેલનું ગાજર લટકાવ્યું હતું તેમ હવે બલોચિસ્તાનમાંથી એટલે કે નેફા (નોર્થ ઇસ્ટ ફ્રન્ટીઅર એરિયા)માંથી સોનું મળ્યું છે તેવું ગાજર લટકાવ્યું છે. આજકાલ ખડકો અને ભૂગર્ભ કંપનીઓ પ્રવૃત હતી તેમાંથી હવે પચાસ જ કામ કરી રહી છે. સુવર્ણ ખનનમાં સ્મોલ કેપ કે મિડ-કેપ કંપનીઓ પણ બચી નથી. જે થોડી ઘણી છે તે લાર્જ-કેપ કંપનીઓ છે.

આજકાલ ક્રિપ્ટો તેમજ ડિજિટલ ક્ષેત્રમાં અમુક લોકોને મોટી મોટી કમાણી થઇ રહી છે. તેઓની સંખ્યા વધી રહી છે તેમ તેમ સોનાની ડિમાન્ડ વધી રહી છે. સૌને ખબર છે કે સુખદુઃખના સમયમાં કદાચ કોઇ સાથ નહીં આપે તો પણ સોનું જરૂર આપશે. જે રીતે એક વખત ભારત સરકારને આપ્યો હતો.

હિન્દુ રાષ્ટ્ર માટેનું બંધારણ તૈયાર થઇ ગયું છે?

એવું લાગે છે કે હિન્દુ રાષ્ટ્ર માટે બંધારણ તૈયાર છે. તે 2 ફેબ્રુઆરીના રોજ કુંભમેળામાં વસંત પંચમીના રોજ અનાવરણ કરવામાં આવશે અને મોદી સરકારને વિચારણા માટે મોકલવામાં આવશે. 501 પાનાનો આ દસ્તાવેજ વિદ્વાનોની એક સમિતિ દ્વારા તૈયાર કરવામાં આવ્યો છે જે પોતાને હિન્દુ રાષ્ટ્ર



સંવિધાન નિર્મલ સમિતિ કહે છે. સમિતિના પેટ્રન સ્વામી આનંદ સ્વરૂપ મહારાજે જાહેર કર્યું છે કે તેમનું લક્ષ્ય 2035 સુધીમાં ભારતને હિન્દુ રાષ્ટ્ર જાહેર કરવાનું છે અને દસ્તાવેજનો હેતુ ત્યાં સુધીમાં યોગ્ય બંધારણને અંતિમ સ્વરૂપ આપવા માટે જાહેર ચર્ચા શરૂ કરવાનો છે. સમિતિના સભ્યો સંસ્કૃત વિદ્વાનો અને સનાતન ધર્મના નિષ્ણાતો છે. તેઓને બનારસ હિન્દુ યુનિવર્સિટી સહિત વિવિધ યુનિવર્સિટીઓમાંથી લેવામાં આવ્યા છે. સમિતિ RSS સાથેના તેનાં જોડાણો વિશે મૌન છે તેથી તે સ્પષ્ટ નથી કે તેને સંઘના ગુપ્ત આશીર્વાદ છે કે નહીં? અને જે રીતે મોદી સરકારના નેતાઓ અને ખુદ વડા પ્રધાન બી.આર. આંબેડકર દ્વારા ધર્મનિરપેક્ષ રાષ્ટ્ર માટે ઘડવામાં આવેલા બંધારણ પ્રત્યે વફાદારીના શપથ લેતા ફરતા રહ્યા છે, તે જોઈને કોઈને આશ્ચર્ય થાય છે કે હિન્દુ રાષ્ટ્ર સંવિધાન નિર્મલ સમિતિ દ્વારા તૈયાર કરાયેલા દસ્તાવેજનું શું થશે જ્યારે તે આખરે PMO સુધી પહોંચશે. શું તેને આંબેડકરના બંધારણને ફરીથી લખવાના અન્ય ઘણા પ્રયાસોની જેમ ધૂળમાં ભેળવી દેવામાં આવશે? કે પછી તે ભારતને હિન્દુ રાષ્ટ્રની દિશામાં લઈ જવાના લાંબા ગાળાના RSS પ્રોજેક્ટનો ભાગ છે?

ઈધર-ઉધરકી

આરતી જેરથ

નૌકાદળના ડ્રેસ કોડમાં કુરતા- પાયજામો!

ભારતીય નૌકાદળના ટોચના અધિકારીઓએ મોદીના આપણી માનસિકતાને સંસ્થાનવાદી અસરમાંથી મુક્ત કરવાના આહ્વાનને ખૂબ ગંભીરતાથી લીધું છે. હકીકતમાં, તેમણે નૌકાદળના ગણવેશને કુરતા-પાયજામામાં બદલવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. પોતાનો કાર્યભાર સંભાળતા પહેલાં, ભૂતપૂર્વ નૌકાદળના ચીફ ઓફ સ્ટાફ એડમિરલ આર. હરિ કુમારે 2024 ની શરૂઆતમાં એક નિર્દેશ જારી કર્યો હતો જેમાં ભારતીય નૌકાદળના ડ્રેસ કોડમાં કુરતા-પાયજામાનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેથી બ્રિટિશ સંસ્થાનવાદી હિતોની સેવા કરતી રોયલ ભારતીય નૌકાદળના અવશેષ પ્રભાવોથી છૂટકારો મેળવી શકાય. જો કે એવું લાગે છે કે સીનિયર અને જુનિયર નૌકાદળના અધિકારીઓએ આ નિર્દેશની અવગણના કરી છે. તેમને કુરતા-પાયજામાનો કોઈ વિરોધ નથી પરંતુ તેઓ તેને સંરક્ષણ સેવા માટે ગણવેશ તરીકે યોગ્ય માનતા

નથી. તેઓ તેમનો સફેદ ગણવેશ પહેરવાનું ચાલુ રાખવાનું પસંદ કરશે, ભલે તે કોલોનિયલ ભૂતકાળનો વારસો હોય. આ વધુ પડતાં અમલનો કિસ્સો લાગે છે. જ્યારે મોદીએ માનસિકતાને દૂર કરવાની હાકલ કરી હતી ત્યારે તેમનો અર્થ સંરક્ષણ સેવાઓ માટેના ગણવેશને કુરતા-પાયજામાથી બદલવાનો નહોતો. એડમિરલના નિર્દેશને સ્થગિત કરવામાં આવ્યો છે.

માનસિક ફીટનેસ બતાવી આપવા નીતિશને પ્રશાંત કિશોરનો પડકાર

ભૂતપૂર્વ ચૂંટણી વ્યૂહરચનાકાર અને રાજકારણી પ્રશાંત કિશોરે બિહારના મુખ્ય મંત્રી નીતિશ કુમારને શાસન કરવા માટે તેમની માનસિક ચુસ્તી દર્શાવવા પડકાર ફેંક્યો છે. જેમ પ્રમુખની ચૂંટણી દરમિયાન ભૂતપૂર્વ અમેરિકી પ્રમુખ જો બિડેનની માનસિક સ્થિતિ અંગે પ્રશ્નો ઊભા થઈ રહ્યા હતા તેમ કિશોરે બિહારમાં બિલાડીને ઘંટડી બાંધીને નીતિશ કુમારની મુખ્ય મંત્રી તરીકે ચાલુ રહેવાની ક્ષમતા પર શંકા વ્યક્ત કરી છે. તેમણે નીતિશ કુમાર પર જે પડકાર ફેંક્યો છે તે એ છે કે મુખ્ય મંત્રી કાગળ જોયા વિના તેમના બધા મંત્રીઓ અને તેમના વિભાગોનાં નામ જાહેર કરે. કિશોર ઇચ્છે છે કે આ કેમેરા સામે કરવામાં આવે. તેમણે કહ્યું છે કે જો નીતિશ કુમાર આ કસોટીમાં પાસ થશે તો તેઓ બિહારમાં આગામી ચૂંટણી લડાઈમાંથી તેમની જન સુરાજ પાર્ટીને પાછી ખેંચી લેશે અને JD(U) ને ટેકો આપશે. એ રસપ્રદ છે

કે કિશોર નીતિશ કુમારના માનસિક સ્વાસ્થ્ય પર સવાલ ઉઠાવી રહ્યા છે. લાલુ યાદવના RJD અને નીતીશ કુમારના JD(U)ના મહાગઠબંધન માટે 2015ની વિધાનસભા ચૂંટણીપ્રચારમાં જ્યારે તેમણે માર્ગદર્શન આપ્યું ત્યારે કિશોરે સ્ટાર રણનીતિકાર તરીકેની પોતાની પ્રતિષ્ઠા મેળવી હતી. ત્યારે મહાગઠબંધને અદભુત વિજય મેળવીને મતદાન કરનારાઓને ચોંકાવી દીધા હતા અને કિશોર તે સમયે સૌથી વધુ માંગ ધરાવતા ચૂંટણી રણનીતિકાર બન્યા હતા. જો કે બે આફતો પછી તેઓ રાજકારણમાં પોતાનું નસીબ અજમાવવા માટે ફરી બિહાર ગયા. આગામી ચૂંટણી તેમનો પહેલો પ્રયાસ હશે.

સટ્ટાક — કમલ

અનુસંધાન પાના એકનું

ટાઇમલાઇન

બધું જ કરી શકે છે જે અમેરિકા કરી રહ્યો છે. જો ચીન પર આમેય આંધળો વિશ્વાસ કરવું સહેલું નથી કારણકે ત્યાંના રાજકીય પ્રશ્નો તો યથાવત્ છે જ અને ચીનની સેલ્ફ-સેન્સરશીપ પણ ખતરાની ઘંટી છે. આ આખી ઘટનાને USના જાણીતા વેન્ચર કેપિટાલિસ્ટે સ્પૂટનિક ઉપગ્રહના લૉન્ચ સાથે સરખાવી છે કારણકે એ સેટલાઇટ લૉન્ચને પગલે US અને સોવિયેટ યુનિયન વચ્ચે સ્પેસમાં પોતાનો પગદંડો જમાવવાનું શીત યુદ્ધ શરુ થયેલું. ચીન અને અમેરિકા વચ્ચે હાલમાં AI યુદ્ધ શરુ થઇ ગયું છે. ત્યારે પણ અમેરિકા અન્ય રાષ્ટ્રની તકનીકી આવડતથી ચોંકી ઉઠેલો અને અત્યારે પણ એમ જ થયું છે. ચીનનું આ AI મોડલ અમેરિકાના AI મોડલ્સ કરતાં બહેતર છે અને તેને ટ્રેઇન કરવામાં થયેલો ખર્ચો (5.6 મિલિયન ડૉલર્સ) યુએસ AI ટેકને બનાવવામાં થયેલા ખર્ચા કરતાં સો ગણો ઓછો ખર્ચ છે. અત્યારે યૂઝર્સ ચીનના આ મોડલને નિઃશૂલ્ક વાપરી શકે છે જ્યારે અમેરિકન મોડલ્સનાં પ્રિમિયમ વર્ઝન્સ માટે તમારે સબસ્ક્રિપશન્સ ભરવાં પડે છે. ચાઇનિઝ AI વધારે ઝડપી છે અને તેના પ્રોસિંગમાં એટલી જ બાબતો વપરાય છે જેની તે ઘડીએ જરૂર હોય. વળી આ AI ઓપન સોર્સ છે એટલે તેનું કોડિંગ અલ્ગોરિધમ તમે જોઇ શકો છો અને ઇચ્છો એ રીતે તમારી જરૂર પ્રમાણે બદલી પણ શકો છો. આમાં કોઇ એજન્ડા નથી બલ્કે માત્રને માત્ર ટેક્નોલૉજિકલ વિકાસ છે. આ પુરાવો છે કે ચીન પોતાની લીટી લાંબી કરવામાં કોઇ કચાશ નથી છોડતો અને હવે અમેરિકા ગુંચવાડામાં છે અને ભારત મહાકુંભમાં છે. ચીન અને U.S. વચ્ચે ટેક્નોલૉજીની લડાઇ ચાલી છે ત્યારે ભારતે પાંચસો વર્ષ પાછળ જોવાને બદલે ભવિષ્યની અનિવાર્યતાઓ પર ધ્યાન રાખી સંશોધન અને વિકાસ પર કામ કરવું જરૂરી છે

અનુસંધાન ચારપાના નું

મનકા સિતાર

તો ચંડાળ હોય કે શ્વાનઃબધા જીવો પોતાના જેવા જ છે. જ્યોતિર્ પીઠાધીશ દરેક પ્રશ્નનો તાર્કિક ઉકેલ સૂચવી રહ્યા છે. કોઈ જિજ્ઞાસુએ પૂછ્યું કે આત્મા અને પરમાત્મામાં કેટલો ફરક છે? એમનો અદ્વૈતવાદ તરત જ જીભની ટોચે આવે છે અને એ કહે છેઃ આત્મા અને પરમાત્મા એક જ છે. શરીરધારી આત્માને આપણે જીવાત્મા કહીએ છીએ, જ્યારે માયાનાં બધાં આવરણ હટી જાય ત્યારે તે પરમાત્મામાં ભળી જાય છે. આત્માને નથી જન્મ કે નથી મૃત્યુ.

....

વાત નીકળી જ છે ત્યારે શંકરાચાર્યની તડ ને ફડ વાણીમાં વ્યક્ત થતા નિર્ભેળ સત્યની પ્રશંસા જ કરવી પડે. રાજકીય એજન્ડાધારી બાબાઓને ઉઘાડા પાડીને એમણે સનાતન હિંદુ ધર્મના અનુયાયીઓ પર મોટો ઉપકાર કર્યો છે. આખા મહાકુંભમાં એક મહાનાયકની જેમ પૂરી ધર્મનિષ્ઠા અને સર્વોચ્ચ ધર્માધ્યક્ષ તરીકે એ વિલસી રહ્યા છે. મહાકુંભમાં શંકરાચાર્ય અને નાગા સાધુઓની લગોલગ 'લાઈક્સ' મેળવી રહી છે નિરંજની અખાડાના આચાર્ય મહામંડલેશ્વરની લાડલી શિષ્યા એની સુંદરતા એના માટે વરદાનરૂપ બનવાની જગ્યાએ અભિશાપ સાબિત થઈ રહી છે. આખરે એણે ગુરુની આજ્ઞા માનીને શાહી સવારીમાં ભાગ લીધો હતો એ કોઈ ગુનો હતો? એનો રંગીન ભૂતકાળ ભૂલી હવે એ ભગવાં ધારણ કરી મનુષ્યાવતારને મોક્ષનું પગથિયું બનાવવા ઉત્સુક હોય તો એની પાછળ પડી જવું યોગ્ય છે? મહાકુંભમાં નાથ સંપ્રદાયના સાધુ સનાતન કે ભગવાન જેવા શબ્દો વેદ કે ઉપનિષદમાં છે જ ક્યાં એવો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે. આ સ્તો છે હિંદુ ધર્મની સર્વાશ્લેષી વ્યાપકતા. એના શંકરાચાર્યને અદાલત ભાગેડુ જાહેર કરી શકે છે અને પ્રજા પાદુકા પૂજન કરી પુણ્યનું ભાથું બાંધી શકે છે! અમથું નથી આ મારું ભારત મહાન!